**BHAVESH D. RANGANI**
B.A.,LL.B., Advocate
M.94262 67132

**NILESH J. BUSA**
B.COM., M.COM., LL.B., Advocate
M.99244 64932

**(Gujarat High Court)**

**"NORTH ANGLE" Complex, Office No-103, 150 Feet Ring Road, Rajkot**

**Ref. No.** **Date :20\07\2022**

BHAVESH D. RANGANI RAJKOT ADVOCATE

# -:: સ્થાવર મિલ્કતનો ટાઈટલ રીપોર્ટ ::-

## (૧) સ્થાવર મિલ્કતનું વર્ણન :-

ઉપરોકત વિગતે આપ સાહેબની બેંન્કને સદરહુ નીચે દર્શાવેલ મિલ્કત અંગે સંપુર્ણ રીતે માહીતગાર કરવામાં આવે છે કે :-

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ લોધીકાના ગામ કાંગશીયાળીના રેવન્યુ સર્વે નંબર ૬૭/૨ ની એકર ૯-૨૩ ગુઠાની માપણી મા ખાતેદાર શ્રી પાંચા બેચરના નામુ તૈયાર કરવામાં આવેલ ત્યારબાદ પ્રમોલગેશન અમીલકરણ થતા હકકપત્રક નં.-૬ માં નોધ નં.-૩૦, તા. ૨૦-૧-૫૮ ના રોજ માપણી રજીસ્ટર મુજબ પાંચા બેચરનુ નામ ઉપરોકત સર્વે નંબરમાં માલીક તરીકે દાખલ કરવામાં આવેલ જે નોંધ તા.૨૯-૦૧-૫૮ ના રોજ સક્ષમ અધિકારી ધ્વારા પ્રમાણીત કરવામાં આવેલ ત્યારથી તે સદરહુ જમીનનો માલીકી દરજજે કબજો ભોગવટો કરતા.

ત્યારબાદ ભાયુ ભાગ વહેંચણી થતા સદરહું રેવન્યુ સર્વે નંબર ૬૭/૨ ની એકર ૯-૨૩ ગુઠા પાંચા બેચરના ખાતે આવેલ જેની હકકપત્રકે નોંધ નં.૫૮, તા.૨૦/૦૯/૧૯૫૯ થી દાખલ થતા પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ પાંચા બેચરનું અવસાન થતા તેમના ખાતે આવેલ રેવન્યુ સર્વે નંબર ૬૭/૨ ની એકર ૯-૨૩ ગુઠામા તેમના સીધી લીટીના વારસદારો શ્રી ડાયા પાંચા વિગેરે-૧૦ ના નામ દાખલ કરવામાં આવેલ જે હકકપત્રકે નોંધ નં.૪૭૯, તા.૭/૦૧/૧૯૭૫ થી દાખલ થતા પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું ગામ કાંગશીયાળી રેવન્યુ સર્વે નંબર ૬૭/૨ ની એકર ૯-૨૩ ગુઠા શ્રી ડાયા પાંચા વિગેરે-૧૦ ના સંયુકત ખાતે આવેલ જમીનમા ભાયુ ભાગ વહેંચણી થતા સદરહું જમીન પૈકી રેવન્યુ સર્વે નંબર ૬૭/૨ ની એકર ૨-૧૫ ગુઠા મા શ્રી નરશી પાંચાના ખાતે આવેલ જેની હકકપત્રકે નોંધ નં.૫૪૭, તા.૨૯/૦૨/૮૦ થી દાખલ થતા પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ નરશી પાંચાએ તેમના ખાતાની આવેલ સદરહું ગામ કાંગશીયાળી રેવન્યુ સર્વે નંબર ૬૭/૨ ની એકર ૨-૧૬ ગુઠામા તેમના પત્નિ શ્રી

...૨/-

**BHAVESH D. RANGANI**
B.A.,LL.B., Advocate
M.94262 67132

**NILESH J. BUSA**
B.COM., M.COM., LL.B., Advocate
M.99244 64932

**(Gujarat High Court)**

**"NORTH ANGLE" Complex, Office No-103, 150 Feet Ring Road, Rajkot**

**Ref. No.** **Date :20\07\2022**



પુંજીબેન નરશીભાઈનું વહેંચણી કરતા નામ દાખલ થતા જેની હકકપત્રકે નોંધ નં.૧૦૧૭, તા.૧૭/૦૫/૧૯૯૬ થી દાખલ થતા પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું ગામ કાંગશીયાળી રેવન્યુ સર્વે નંબર ૬૭/૨ ની એકર ૨-૧૬ ગુઠા શ્રી પુંજીબેન નરશીભાઈ રૂપાપરાના ખાતે આવેલ જમીનમા હૈયાતી હકક વહેંચણી કરતા સદરહું રેવન્યુ સર્વે નંબર ૬૭/૨ ની એકર ૨-૧૬ ગુઠા મા શ્રી દયાબેન ધીરૂભાઈ રૂપાપરાના ખાતે આવેલ જેની હકકપત્રકે નોંધ નં.૧૪૩૪, તા.૧૭/૦૧/૨૦૦૬ થી દાખલ થતા પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ કાંગશીયાળી ગામમા રી-સરવે થતા નવા પ્રમોલગેશન મુજબ સદરહું રેવન્યુ સર્વે નંબર ૬૭/૨ ના નવા સર્વે નં.૨૮૯ થતા તેમજ જે મુજબ ક્ષેત્રફળ હે.આ.ચો.મી.૦-૯૮-૪૧ બરાબર ની એકર ૨-૧૭ ગુઠા થયેલ જેની જેની હકકપત્રકે નોંધ નં.૭૪૦૧, તા.૨૩/૦૨/૨૦૧૮ થી દાખલ થતા પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ તેઓએ સદરહુ જમીનનુ રહેણાંકના હેતુ માટે બીનખેતી કરવા માટેનો બીનખેતી લે-આઉટ પ્લાન રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (રૂડા) ના સક્ષમ અધિકારી સમક્ષ રજુ કરતા તેમની કચેરીના પ્રકરણ ક્રમાંક નં.-રૂડા/ટેક/ડેવ/કાંગશીયાળી/૪૨૨/૧૮/૫૬૫૦, તા.૧૮-૦૯-૨૦૧૮ ના રોજથી મંજુર કરી આપેલ છે. જે મંજુર થયેલ લે-આઉટ પ્લાન મુજબના સીંગલ યુનિટ-૧ તથા ૨ ની કુલ જમીન ચો.મી.આ.તથા કોમન પ્લોટ-૧ તથા ૨તથા આંતરીક રોડ રસ્તા, ટી.પી. રીઝર્વેશન, ટી.પી. રોડ કપાત, સાથે રાજકોટ કલેકટર સાહેબ સક્ષમ બીનખેડવાણ કરવા માટે અરજી કરતા રાજકોટના કલેકટર સાહેબ દ્વારા તેમની કચેરીના બીનખેતી હુકમ નં.-એન.એ.-લે.રે.કો.ક.-૬૫-કેશ નં.-૩૯૩/૧૮-૧૯, તા.૨૪-૧૨-૨૦૧૮ ના રોજથી સદરહુ જમીન બીનખેતીમાં ફેરવવા માટેનો હુકમ કરી આપેલ છે. જે હુકમ મુજબની નોંધ હકકપત્રક નં.-૬ નોંધ નં.-૭૪૫૪, તા.૧૧/૦૨/૨૦૧૯ થી દાખલ થતા પ્રમાણિત કરવામા આવેલ જે બીનખેતી હુકમ મુજબના પ્લોટ નં.-૧ તથા ૨ તથા કોમન પ્લોટ-૧ તથા ૨ ની જમીનના માલીક તરીકે શ્રી દયાબેન ધીરૂભાઈ રૂપાપરાનુ નામ રેવન્યુ રેકર્ડમાં આવેલ.

ત્યારબાદ તેઓ શ્રી દયાબેન ધીરૂભાઈ રૂપાપરાએ ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ લોધીકાના ગામ કાંગશીયાળીના

**BHAVESH D. RANGANI**
B.A.,LL.B., Advocate
M.94262 67132

**NILESH J. BUSA**
B.COM., M.COM., LL.B., Advocate
M.99244 64932

**(Gujarat High Court)**

**"NORTH ANGLE" Complex, Office No-103, 150 Feet Ring Road, Rajkot**

**Ref. No.** **Date :20\07\2022**



રેવન્યુ સર્વે નં.૨૮૯(જુના ૬૭/૨ પૈકી ૨) ની જમીન ચો.મી.આ.૯૮૪૧-૦૦ પૈકી પ્રપોઝડ ટી.પી. રોડ તથા રીઝર્વેશન મળી કુલ કપાત થતી જમીન ચો.મી.આ.૩૯૩૬-૪૦ બાદ કરતા બાકી રહેતી જમીન ચો.મી.આ.૫૯૦૪-૬૦ ની રહેણાંક હેતુ માટેના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના સીંગલ યુનીટ પૈકી **સીંગલ યુનીટ નં.૧** ની જમીન **ચો.મી.આ.૩૪૩૦-૩૩** તથા લાગુ **કોમન પ્લોટ-૧** ની જમીન **ચો.મી.આ.૩૮૧-૫૦** ના વપરાશના તમામ પ્રકારના હકકો તથા અધિકારો સાથેની ખુલ્લી જમીન શ્રી અમીત રમેશભાઈ ભાણવડીયાને વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.-૪૩૧૬, તા.૩/૦૯/૨૦૧૯ ના રોજથી વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. જેની નોંધ ગામ નમુના નં.૨ મા નોંધ નં.-૩૩૪૬ તથા ૩૩૪૭, તા.૨૧/૦૯/૨૦૧૯ થી આવેલ છે.

ત્યારબાદ તેઓ શ્રી અમીત રમેશભાઈ ભાણવડીયાએ ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ લોધીકાના ગામ કાંગશીયાળીના રેવન્યુ સર્વે નં.૨૮૯(જુના ૬૭/૨ પૈકી ૨) ની રહેણાંક હેતુ માટેના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના સીંગલ યુનીટ પૈકી **સીંગલ યુનીટ નં.૧** ની જમીન **ચો.મી.આ.૩૪૩૦-૩૩** તથા લાગુ **કોમન પ્લોટ-૧** ની જમીન **ચો.મી.આ.૩૮૧-૫૦** ના વપરાશના તમામ પ્રકારના હકકો તથા અધિકારો સાથેની ખુલ્લી જમીન શ્રી શીવાંતા બિલ્ડકોન એલએલપીના નામથી ચાલતી ભાગીદારી પેઢીને વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.-૩૦૭૦, તા.૧૧/૦૯/૨૦૨૦ ના રોજથી વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. જેની નોંધ ગામ નમુના નં.૨ મા નોંધ નં.-૩૩૪૬ તથા ૩૩૪૭ થી આવેલ છે. ત્યારબાદ શ્રી શીવાંતા બિલ્ડકોન એલએલપીના નામથી ચાલતી ભાગીદારી પેઢી સદરહું પ્લોટસની જમીનનું ચર્તુઃદીશા અંગેનું રજી. ડેકલેરેશન અનુંક્રમ નં.૭૩૪૦, તા.૯/૧૨/૨૦૨૧ ના રોજથી કરેલ છે.

ત્યારબાદ તેઓ શ્રી શીવાંતા બિલ્ડકોન એલએલપીના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ લોધીકાના ગામ કાંગશીયાળીના રેવન્યુ સર્વે નં.૨૮૯(જુના ૬૭/૨ પૈકી ૨) ની રહેણાંક હેતુ માટેના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના સીંગલ યુનીટ પૈકી **સીંગલ યુનીટ નં.૧** ની જમીન **ચો.મી.આ.૩૪૩૦-૩૩** તથા લાગુ **કોમન પ્લોટ-૧** ની જમીન **ચો.મી.આ.૩૮૧-૫૦** ના વપરાશના તમામ પ્રકારના હકકો તથા અધિકારો સાથેની ખુલ્લી જમીન "રાજ એન્ટરપ્રાઈઝ"ના નામથી ચાલતી ભાગીદારી પેઢીને વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.-૩૯૬૨,

...૪/-

**BHAVESH D. RANGANI**
B.A.,LL.B., Advocate
M.94262 67132

**NILESH J. BUSA**
B.COM., M.COM., LL.B., Advocate
M.99244 64932

(Gujarat High Court)

"NORTH ANGLE" Complex, Office No-103, 150 Feet Ring Road, Rajkot

Ref. No. Date :20\07\2022



તા.૧૭/૦૫/૨૦૨૨ ના રોજથી વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. જેની નોંધ ગામ નમુના નં.૨ મા નોંધ નં.-૩૬૭૦, તા.૧૭/૦૬/૨૦૨૨ થી આવેલ છે. ત્યારથી સદરહું જમીન તેઓની ભાગીદારી પેઢીની માલીકી તથા કબજા ભોગવટાની આવેલ ત્યારબાદ અગાઉના માલીકના નામે રહેણાંક કમદ વાણિજય હેતુ માટેના હાઈ-રાઈઝ બિલ્ડીંગનુ બાંધકામ કરવા માટેનો બિલ્ડીંગ પ્લાન રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (રૂડા)ના બાંધકામ પરવાનગી પ્રકરણ ક્રમાંક નં.-રૂડા/ટેક/ડેવ/કાંગશીયાળી /૧૦૯૯/૨૧/૪૭૨૮, તા.૧-૦૭-૨૦૨૨ ના રોજથી હાઈ-રાઈઝ બિલ્ડીંગ પ્લાન મંજુર કરી આપેલ છે. જે મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન મુજબ તેઓએ બિલ્ડીંગનું સ્થાનિકે બાંધકામ કરવાનું નકકી કરેલ છે. ત્યારથી ઉપરોકત જણાવેલ બાંધકામ પ્લાન સહીતની મિલ્કત તેઓની ''રાજ એન્ટરપ્રાઈઝ''ના નામથી ચાલતી ભાગીદારી પેઢીની માલીકી તથા કબજા ભોગવટાની આવેલ છે. અને વેચાણ, વ્યય, વ્યવહાર વિગેરે કરવાનો તેઓની ભાગીદારી પેઢીને સંપુર્ણ હકક, સત્તા અને અધિકાર હોય તેમજ સદરહુ **સીંગલ યુનીટ નં.૧** ની જમીન **ચો.મી.આ.૩૪૩૦-૩૩** તથા લાગુ **કોમન પ્લોટ-૧** ની જમીન **ચો.મી.આ.૩૮૧-૫૦** ઉપર બનાવવામાં આવેલ **"પુષ્ટિ હિલ્સ"** બિલ્ડીંગ બનાવવાનુ નકકી કરતા આ બિલ્ડીંગ પ્લાન મંજુર થયા મુજબ સ્થાનિકે બાંધકામ કરવામાં આવી રહયુ છે. જે બાંધકામ પ્લાન પાસ સહીતની મિલ્કત તેઓની રાજ એન્ટરપ્રાઇઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીની માલીકી તથા કબજા ભોગવટાની આવેલ છે. જેનો વેચાણ વ્યય, વહીવટ વ્યવસ્થા વિગેરે કરવાનો રાજ એન્ટરપ્રાઇઝના ભાગીદારોને હકક, સત્તા અને અધિકાર છે. તેથી રાજ એન્ટરપ્રાઇઝ પાસેથી પ્રાપ્ત થયેલ અસલ દસ્તાવેજો સાથેની ફાઈલ અસલ ડોકયુમેન્ટ સાથે વેરીફાઈ કર્યા બાદ અમો એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે ઉપર જણાવેલ મિલ્કતના યાને ટાઈટલ કલીયર સર્ટીફીકેટમાં દર્શાવેલ ટાઈટલ મારી દ્રષ્ટિએ વ્યાજબી શંકાઓ રહિત છે. ઉપરોકત મિલ્કતની ચર્તુ:સીમા નીચે મુજબ છે. :-

**સ્થાવર મિલ્કતની ચર્તુદીશા**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ લોધીકાના ગામ કાંગશીયાળીના રેવન્યુ સર્વે નં.૨૮૯(જુના ૬૭/૨ પૈકી ૨)ની રહેણાંક હેતુ માટેના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના સીંગલ યુનીટ પૈકી **સીંગલ યુનીટ નં.૧** ની જમીન **ચો.મી.આ.૩૪૩૦-૩૩** તથા લાગુ **કોમન પ્લોટ-૧** ની જમીન **ચો.મી.આ.૩૮૧-૫૦** ઉપર બનાવવામાં આવેલ

...૫/-

**BHAVESH D. RANGANI**
B.A.,LL.B., Advocate
M.94262 67132

**NILESH J. BUSA**
B.COM., M.COM., LL.B., Advocate
M.99244 64932

**(Gujarat High Court)**

**"NORTH ANGLE" Complex, Office No-103, 150 Feet Ring Road, Rajkot**

**Ref. No.** **Date :20\07\2022**



**"પુષ્ટિ હિલ્સ"** ના નામથી ઓળખાતા રહેણાંક હેતુ માટેના હાઈ–રાઈઝ બિલ્ડીગની પાર્કીગ સહીતની સંયુકત ચર્તુ: સીમા નીચે મુજબ છે.

ઉતરે : રેવન્યુ સર્વે નં.૨૯૭ પૈકી તથા રેવન્યુ સર્વે નં.૩૦૬ પૈકીની અન્યની માલીકીની જમીન આવેલ છે.

દક્ષિણે : ૧૮–૦૦ મીટર નો પ્રપોઝડ ટી.પી. નો રસ્તો આવેલ છે.

પૂર્વે : ૨૪–૦૦ મીટર નો પ્રપોઝડ ટી.પી. નો રસ્તો આવેલ છે.

પશ્ચિમે: સીંગલ યુનીટ નં.૨ ની જમીન આવેલ છે.

(૨) <u>સ્થાવર મિલ્કતને લગતા ટાઈટલ ડીડઝ :–</u>

(૧)રાજ એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના નામના ગામ નમુના નં.૨ ની નકલ.

(૨)રાજ એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ શ્રી શીવાંતા બિલ્ડકોન એલએલપીના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ કરી આપેલ વેચાણ રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.–૩૯૬૨, તા.૧૭/૦૫/૨૦૨૨ ના રોજના વેચાણ દસ્તાવેજની નકલ.

(૩)રાજ એન્ટરપ્રાઇઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના રજી. ભાગીદારી દસ્તાવેજ અનુંક્રમ નં.૫૬૭૪, તા.૧૬/૦૯/૨૦૨૧ ના રોજના ભાગીદારી દસ્તાવેજ તથા રજીસ્ટર ઓફ ફર્મ્સની નકલ.

(૪)રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી(રૂડા) ના સક્ષમ અધિકારીએ તેમની કચેરીના બાંધકામ પરવાનગી પ્રકરણ ક્રમાકનં.–રૂડા/ટેક/ડેવ/ કાંગશીયાળી /૧૦૯૯/૨૧/૪૭૨૮, તા.૧–૦૭–૨૦૨૨ ના રોજથી મંજુર કરી આપેલ બિલ્ડીંગ પ્લાન તથા મંજુરી લેટરની નકલ.

(૫) **SHRI SHIVANTA BUILDCON LLP** ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના અધિકૃત વહીવટકર્તા ભાગીદાર શ્રી જયેશ વિઠલભાઈ દોંગાએ કરી આપેલ રજી. ડેકલેરેશન અનુંક્રમ નં.૭૩૪૦, તા.૯/૧૨/૨૦૨૧ ના રોજની નકલ.

...૬/-

**BHAVESH D. RANGANI**
B.A.,LL.B., Advocate
M.94262 67132

**NILESH J. BUSA**
B.COM., M.COM., LL.B., Advocate
M.99244 64932

(Gujarat High Court)

"NORTH ANGLE" Complex, Office No-103, 150 Feet Ring Road, Rajkot

Ref. No.

Date :20\07\2022



(૬) **SHRI SHIVANTA BUILDCON LLP** ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના નામના રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૨ ની નકલ.

(૭) **SHRI SHIVANTA BUILDCON LLP** ના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ શ્રી અમીત રમેશભાઈ ભાણવડીયાએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અનુંક્રમ નં.૩૦૭૦, તા.૧૧/૦૯/૨૦૨૦ ના રોજના વેચાણ દસ્તાવેજની નકલ.

(૮) શ્રી અમીત રમેશભાઈ ભાણવડીયા જોગ શ્રી દયાબેન ધીરૂભાઈ રૂપાપરાએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અનુંક્રમ નં.૪૩૧૬, તા.૩/૦૯/૨૦૧૯ ના રોજના વેચાણ દસ્તાવેજની નકલ.

(૯) રાજકોટ કલેકટર કચેરીના હુકમ નં.-એન.એ./લે.રે.કો.ક./૬૫/કેસ નં.૩૯૩/૧૮-૧૯, તા.૨૪/૧૨/૨૦૧૮ ના રોજના બીનખેતી હુકમ ની નકલ.

(૧૦) રાજકોટ શહેરી વિકાસ સતા મંડળ ના પત્ર ક્રમાંક નં. રૂડા/ટેક/ડેવ/ કાંગશીયાળી /૪૨૨/૧૮/૫૬૫૦, તા.૧૮/૦૯/૨૦૧૮ ના રોજ થી મંજુર કરી આપેલ લે-આઉટ પ્લાન તથા મંજુરી લેટરની નકલ.

(૧૧) રેવન્યુ રેકર્ડ બીનખેતી ૭/૧૨, ૮-અ તથા હકકપત્રક નં.૬ ના ઉતરોતર પ્રમોલગેશનની નકલો.

(૧૨) પ્લોટ વેરીફીકેશન માપણીશીટ તથા હિસ્સા ફોર્મ નં.૪ ની નકલ.

(૧૩) માપણીશીટ તથા હિસ્સા ફોર્મ નં.૪ ની નકલ.

(૧૪) રેવન્યુ ટીપ્પણની નકલ.

ઉપર મુજબના દસ્તાવેજો વિચારણા હેઠળ લીધા બાદ સદરહુ મિલ્કતના ભાગીદારોએ આ બાંહેધરી આપેલ છે કે આ જમીન તેઓના સ્વતંત્ર કબજા ભોગવટામાં છે. તેમજ ઉપરોકત વર્ણનવાળી મિલ્કત ટાઈટલ કલીયર છે. જે બાબતે અમોએ સબ-રજી. શ્રી લોધીકાની કચેરીમાં સને.૨૦૧૧-૨૦૨૨ ના વર્ષનું સર્ચ લીધેલ છે. જે સર્ચ ફી રૂા.૧૩૦/- પહોંચ નં.૨૦૨૨૨૩૧૦૦૦૦૮૪૬૦, તા.૧૬/૦૭/૨૦૨૨ ના રોજથી ભરપાઈ કરેલ છે. એમ ૧૨ વર્ષનુ સર્ચ લીધેલ છે.

...૭/-

**BHAVESH D. RANGANI**
B.A.,LL.B., Advocate
M.94262 67132

**NILESH J. BUSA**
B.COM., M.COM., LL.B., Advocate
M.99244 64932

**(Gujarat High Court)**

**"NORTH ANGLE" Complex, Office No-103, 150 Feet Ring Road, Rajkot**

**Ref. No.** **Date :20\07\2022**



તેમજ સબ-રજી. શ્રી ગોંડલની કચેરીમાં સને.૧૯૯૦ થી ૨૦૧૧ ના ૨૨ વર્ષનું સર્ચ લીધેલ છે. જે સર્ચ ફી રૂ.૨૩૦/- પહોંચ નં. ૨૦૨૨૧૪૩૦૦૦૧૯૮૩૩, તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજથી ભરપાઈ કરેલ છે. એમ કુલ ૩૪ વર્ષનુ સર્ચ લીધેલ છે. તેમજ જે સર્ચથી આ મિલ્કત અંગે અન્ય કોઈ વ્યવહાર થયેલ માલુમ પડતુ નથી

(૩) અરજદારશ્રીની સવાલવાળી મિલ્કત કોઈપણ પ્રકારે વિવાદસ્પદ નથી કે કોઈપણ પ્રકારે હસ્તાંતર કરેલ નથી. તેમજ આ મિલ્કતનો કબજો હાલ રાજ એન્ટરપ્રાઇઝની આવેલ છે. તેમજ આ મિલ્કતની ફાઈલ પણ તેમની પાસે જ રહેલ છે. તેમજ તેઓએ આ મિલ્કત ઉપર કોઈપણ જાતનો ગીરો-બોજો કે લોન લીધેલ નથી કે કોઈની સાથે વેચાણ કરવા અને લેખીક કે મૌખિક કરાર કરેલ નથી કે આ મિલ્કતમાં કોઈનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર માલીકી તથા કબજા બાબતે નથી તેમજ કોઈપણ જાતના દર-દાવા ચાલતા નથી કે સરકાર શ્રી ધ્વારા આ જમીન કયારેય ટાંચમાં લેવામાં આવેલ નથી. આવી તમામ પ્રકારની બાહેંધરી મિલ્કતના માલીકે આપેલ તેથી તે સત્યતા તપાસતા અમો એ નિર્ણય ઉપર આવેલ છીએ કે આ મિલ્કત સંપુર્ણ રીતે ટાઈટલ કલીયર છે. અને સંપુર્ણ બોજા મુકત છે. અને આપની બેંક આ મિલ્કત ઉપર કે તેના કોઈપણ ભાગ ઉપર આપની બેંકના રૂલ્સ અને રેગ્યુલેશન મુજબ લોન/ધિરાણ અંગેની કાર્યવાહી કરશો તો આપની બેંકને હરકત સરખું નથી. જેની આથી સ્પષ્ટતા કરીએ છીએ.

(૪) આ રીર્પોટની સાથે પારા નં. ૨ મુજબના ઉતરોતર ટાઈટલ ડીડઝ રાખેલ છે. જોઈ તપાસી ઓરીઝનલ ડોકયુમેન્ટ સાથે વેરીફાઈ કરેલ છે. જે કોઈપણ જાતની શંકા રહીત છે.

આમ ઉપરોકત વિગતો તપાસતા એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે સવાલવાળી મિલ્કત ટાઈટલ કલીયર માર્કેટેબલ તેમજ કોઈપણ જાતની વ્યાજબી શંકાઓ રહિત છે.

સ્થળ : રાજકોટ.
તારીખ :૨૦/૦૭/૨૦૨૨.

ભાવેશ ડી. રંગાણી, એડવોકેટ
(ENROLMENT NO.G/1668/2003)

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં.289 (જુના 67/2 પૈકી 2) સીંગલ યુનીટ નં.1 તથા કોમન પ્લોટ નં.1

Search in : KANGASHIYALI.. /KANGASHIYALI..

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૨૧૪૩૦૦૦૧૯૮૩૩ | અરજી નંબર | ૧૧૨૨૦ | અરજી વર્ષ | ૨૦૨૨ |
| તારીખ | ૧૯ | માહે | જુલાઈ | સને | ૨૦૨૨ |

રજુ કરનારનું નામ ભાવેશ ડી.રંગાણી-શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી................................................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................................... | |
| શેરોની નકલ કરવા માટે ફી................................................ | |
| ટપાલ ખર્ચ.......................................................................... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................ | |
| શોધ અગર તપાસણી............Year: 1990 2011 | ૨૩૦.૦૦ |
| દંડ કલમ-૨૫....................................................................... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................................................ | |
| નકલ ફી ફોલીયો................................................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ..................................................................... | |

| કુલ એકંદરે રૂ. | ૨૩૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા બે સો ત્રીસ પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF THE SUB-REGISTRAR GONDAL ગોંડલના સબ-રજીસ્ટ્રાર ની મહોર सत्यमेव जयते

H J Jadeja
સબ રજીસ્ટ્રાર
ગોંડલ

અંકે રૂ. : 230.00

20220711163842706

સબ રજીસ્ટ્રાર, ગોંડલ

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં. 289 (જુના રે.સ.નં. 67/2 પૈકી 2) સીંગલ યુનીટ નં. 1 તથા કોમન પ્લોટ નં- 1

Search in : KANGASHIYALI.. /KANGASHIYALI..

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૨૨૩૧૦૦૦૦૮૪૬૦ | અરજી નંબર | ૨૬૩૨ | અરજી વર્ષ | ૨૦૨૨ |
| તારીખ | ૧૬ | માહે | જુલાઈ | સને | ૨૦૨૨ |

રજુ કરનારનું નામ બી.ડી. રંગાણી (શોધ)

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી..................................................... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................................. | |
| શેરોની નકલ કરવા માટે ફી.............................................. | |
| ટપાલ ખર્ચ.............................................................. | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................ | |
| શોધ અગર તપાસણી............Year: 2011 2022 | ૧૩૦.૦૦ |
| દંડ કલમ-૨૫............................................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )................................................. | |
| નકલ ફી ફોલીયો...................................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........................................................ | |
| કુલ એકંદરે રૂ. | ૧૩૦.૦૦ |

THE SEAL OF THE SUB-REGISTRAR OF LODHIKA — લોધીકા સબ રજીસ્ટ્રારની સિક્કો — સત્યમેવ જયતે — લોધીકા

અંકે રૂપીયા એક સો ત્રીસ પુરા

દસ્તાવેજ

---------- ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

---------------. આવશે.

નકલ

કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

J. S. RAMPARIYA
સબ રજીસ્ટ્રાર
લોધિકા

અંકે રૂ. : 130.00

20220711727947094

સબ રજીસ્ટ્રાર, લોધિકા